વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભા આજ તા.૩૧/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે મેયરશ્રીના અધ્યક્ષસ્થાને વાપી મહાનગરપાલિકા હસ્તકના મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટરના બીજા માળે મીટીંગ હોલમાં એજન્ડાના કામોના નિકાલ માટે મળી.

જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર/ગેરહાજર રહેલ હતા

હાજર/ગેરહાજર રહેલ સભ્યશ્રીઓ

અનુ.નં	વોર્ડ નં.	ચૂંટાયેલા સદસ્યશ્રીનું નામ	હોદ્દો	સહી
૧	૪	શ્રીમતી દક્ષાબેન રાજેશભાઇ પટેલ	મેયરશ્રી	હાજર
૨	૯	શ્રી મિતેષ નવનીતલાલ દેસાઇ	ડે.મેયરશ્રી	હાજર
૩	૧	શ્રીમતી ભૂમિકાબેન સંતોષભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪	૧	શ્રીમતી ઉન્નતિ રિકેનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૫	૧	શ્રી મયુરકુમાર પ્રવિણભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૬	૧	શ્રી સંદિપભાઇ અમૃતભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૭	૨	શ્રીમતી અંજનાબેન સંજયભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૮	૨	શ્રીમતી ઉષા વિજયભાઇ ઢોલરિયા	સભ્યશ્રી	હાજર
૯	૨	શ્રી યોગેશભાઇ રામુભાઇ પટેલ	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૧૦	૨	શ્રી કૌશિક પ્રલાદભાઇ પટેલ	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૧૧	૩	શ્રીમતી દક્ષાબેન જગદીશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૨	૩	શ્રીમતી સુનિતા ઉમેશચંદ્ર તિવારી	સભ્યશ્રી	હાજર
૧૩	૩	શ્રી વિજયભાઈ છોટુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૧૪	૩	શ્રી શમસુદ્દીન નુરૂદ્દીન ચૌધરી	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૧૫	૪	શ્રીમતી ચાર્મીબેન તેજસભાઇ વસી	સભ્યશ્રી	હાજર
૧૬	૪	શ્રી દેવેન્દ્ર લલ્લુભાઇ પટેલ	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૧૭	૪	શ્રી દર્પણ વિનોદરાય દેસાઇ	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૧૮	૫	શ્રીમતી કવિતા સંજય દુધૈયા	સભ્યશ્રી	હાજર
૧૯	૫	શ્રીમતી દેવલ દિપકભાઇ દેસાઇ	સભ્યશ્રી	હાજર
૨૦	૫	શ્રી સન્ની ગોવિંદભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૧	૫	શ્રી સતિષભાઈ ગંગારામભાઈ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૨	૬	શ્રીમતી મીત્તલબેન મનોજભાઈ નંદાણીયા	સભ્યશ્રી	હાજર
૨૩	૬	તસ્લીમ સુલ્તાન બાબુલ	સભ્યશ્રી	હાજર
૨૪	૬	શ્રી ધર્મેશ વેસ્તાભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૫	૬	શ્રી ભવલેશ જીવરાજભાઇ કોટડીયા	સભ્યશ્રી	હાજર
૨૬	૭	શ્રીમતી ખુશ્બુબેન નિલેશભાઇ નાયકા	સભ્યશ્રી	હાજર
૨૭	૭	શ્રીમતી મનીશાબેન દિનેશભાઇ દાયમા	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૨૮	૭	શ્રી ધરમકુમાર કાન્તીલાલ પટેલ	સભ્યશ્રી	હાજર
૨૯	૭	શ્રી જયેશભાઇ અશ્વિનભાઈ કંસારા	સભ્યશ્રી	હાજર

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

૩૦	૮	શ્રીમતી પ્રિયંકા ચેતનભાઇ કહાર	સભ્યશ્રી	હાજર
૩૧	૮	શ્રીમતી નેહલ મનિષ નાયક	સભ્યશ્રી	હાજર
૩૨	૮	શ્રી રણજીતભાઇ રમણભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૩૩	૮	શ્રી બિમલકુમાર પ્રવિણચંદ્ર શાહ	સભ્યશ્રી	હાજર
૩૪	૯	શ્રીમતી ટીનાબેન ભુપેન્દ્રભાઇ હળપતિ	સભ્યશ્રી	હાજર
૩૫	૯	શ્રીમતી મીતલબેન કુંજલ શાહ	સભ્યશ્રી	હાજર
૩૬	૯	શ્રી વિપુલચંદ્ર લાલુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૩૭	૧૦	શ્રીમતી સ્મિતાબેન રાકેશકુમાર પટેલ	સભ્યશ્રી	હાજર
૩૮	૧૦	શ્રીમતી ઉરમિલા મહેશભાઇ યાદવ	સભ્યશ્રી	હાજર
૩૯	૧૦	શ્રી અજયકુમાર શશીકાંત મહેતા	સભ્યશ્રી	હાજર
૪૦	૧૦	શ્રી પીરમહંમદ ઇસ્ત્યાક અહમદ મકરાણી	સભ્યશ્રી	હાજર
૪૧	૧૧	શ્રીમતી નસરીનબેન નાસીરભાઇ પાનવાલા	સભ્યશ્રી	હાજર
૪૨	૧૧	શ્રીમતી જેતલ મંગેશ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૩	૧૧	શ્રી ખંડુભાઇ ગુલાબભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૪	૧૧	શ્રી હર્ષદકુમાર ચીમનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૫	૧૨	શ્રીમતી રેશ્માબેન નિલેશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૬	૧૨	શ્રીમતી અસ્મિતા જીતેશભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૭	૧૨	શ્રી સ્નેહલકુમાર ચીમનભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૪૮	૧૨	શ્રી જીતેન્દ્ર મણીલાલ માહ્યાવંશી	સભ્યશ્રી	હાજર
૪૯	૧૩	શ્રીમતી ક્રિષ્ના રિતેશ ભાનુશાલી	સભ્યશ્રી	રજા રીપોર્ટ
૫૦	૧૩	શ્રીમતી નરગિશ સોકતખાન ખાન	સભ્યશ્રી	હાજર
૫૧	૧૩	શ્રી દિપકભાઇ છોટુભાઇ પટેલ	સભ્યશ્રી	હાજર
૫૨	૧૩	શ્રી દિનેશ હરીહર પ્રસાદ	સભ્યશ્રી	હાજર

- આજની સભામાં સભાનું કોરમ થવાથી મેયરશ્રી ધ્વારા સભાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું. સભ્યશ્રીઓનો રજા રીપોર્ટ માન્ય રાખી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી. સભાની શરૂઆત મેયરશ્રી ના વ્યક્તવ્યથી કરવામાં આવી. માન. મેયરશ્રી દ્વારા ડે.મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, કમિશ્નર, ડે. કમિશ્નર, વિરોધ પક્ષના નેતા તથા તમામ વોર્ડના સભ્યશ્રીઓ(કાઉન્સિલરો), તમામ વિભાગીય અધિકારી તથા પત્રકાર મિત્રોનું સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ રાષ્ટ્રગીત "વંદે માતરમ" થી આગળની સભા શરૂ કરવામાં આવી. મેયરશ્રીએ આગળની કાર્યવાહી કરવા માટે ડે. મેયરશ્રીને જણાવવામાં આવ્યુ.
- એજન્ડાના કામ નં.૧ ની શરૂઆત પહેલાં વિરોધપક્ષના નેતા દ્વારા તા.૩૧/૦૭/૨૦૨૬ ના રોજની સામાન્ય સભાની મિનિટસના એજન્ડાના કામ નં.૪ ધી જી.પી.એમ.સી. એકટની કલમ-૪૫૭(૨) અન્વયે કોર્પોરેશન અને સમિતિના સભા સંચાલનના નિયમો "મહાનગરપાલિકા અને સ્થાયી સમિતિની સભાઓની કાર્યવાહી અંગેના નિયમો-૨૦૨૬" ના ઠરાવ નં.૧૦ માં અમુક જરૂરી લગતી બાબતે સુધારા કરવાની માંગણી કરવામાં આવી. ડે. મેયરશ્રી દ્વારા આ બાબતે સ્પષ્ટતા કરવામાં આવી કે જે કઈ પણ સુધારો કરવાનો હોય, એ લેખિતમાં આપવું, જરૂરી જણાતા મુદ્દામાં યોગ્ય લાગશે તો સુધારો કરવાનું જણાવવામાં આવ્યું.

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

.....

- ત્યારબાદ સભાની શરૂઆત એજન્ડાના કામ નં.-૧ થી થઈ.

કામ નં.૧ વાપી મહાનગરપાલિકાની તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજની સામાન્ય સભાને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની મીટીંગ તા.૩૧/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે વાપી મહાનગરપાલિકા હસ્તકના પદ્મભૂષણ શ્રી રજ્જુભાઈ શ્રોફ ઓડીટોરીયમ હોલમાં મળી હતી. જે સામાન્ય સભાની મીટીંગમાં લેવામાં આવેલ ફૂલ કામ નં.૦૧ થી ૦૬ અન્વયે થયેલ ચર્ચા વિચારણા બાદ સમાન્ય સભામાં લેવામાં આવેલ નિર્ણય અર્થે થયેલ ઠરાવ નં.૭ થી ૧૨ ને આજની સભામાં સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૩

કામ નં.૨- તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલ વહીવટી ખર્ચની ગ્રાન્ટના કામોને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૯૭ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ રાજયમાં નવી ૦૯ વાપી મહાનગરપાલિકામાં વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. નવ રચિત મહાનગરપાલિકાઓમાં લોકોને પાયાની સુવિધાઓ સુચારૂ રૂપથી પૂરી પાડી શકાય અને વિવિધ વિકાસના કામો યોગ્ય રીતે હાથ ધરી શકાય તે હેતુથી સેવાઓ પૂરી પાડવા માટે માનવબળની જરૂરિયાત ધ્યાને લઈ વહીવટ ખર્ચ માટે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક:- UDUHD/0046/07/2026 તા.16/07/2026ના હુકમથી સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટે રૂ.૧૪.૪૪/- કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. જે ફાળવેલ રકમમાં રૂ.૧૦/- કરોડ બિન શરતી ફાળવવામાં આવેલ છે તથા રૂ.૪.૪૪/- કરોડ શરતી ફાળવવામાં આવેલ છે. જેમાં શરતી ફાળવણી માટે ૪૮% મહેકમ ખર્ચ મર્યાદા તથા મિલકત વેરાની વસુલાત ૭૫% થી વધુ હોય તો ૧૦૦% રકમ ફાળવણી, ૬૦% થી ૭૫% સુધી હોય તો ૯૦% રકમ ફાળવણી, ૪૫% થી ૬૦% સુધી હોય તો ૭૫% રકમ ફાળવણી, ૪૫% થી ઓછી હોય તો ૫૦% રકમ ફાળવણી, રકમ કરવામાં આવનાર છે. વાપી મહાનગરપાલિકાની સને ૨૦૨૫-૨૬ની મિલકત વેરાની વસુલાત ૯૨.૨૩% થયેલ છે. જેથી વાપી મહાનગરપાલિકાને શરતી ફાળવણીની રકમ ૧૦૦% મળવાપાત્ર થાય છે. આમ, વાપી મહાનગરપાલિકાને ફૂલ ૧૪.૪૪/- કરોડની રકમ મળવાપાત્ર થાય છે. જે મળવાપાત્ર રકમ નીચેના કામ માટે વાપરવા માટેની મંજુરી આપવાનું થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) કરાર આધારિત, આઉટ સૌર્શિંગ, રોજિંદા અને કાયમી કર્મચારીઓના પગાર,ભથ્થા ખર્ચ

(૨) વાપી મહાનગરપાલિકાની કચેરીઓ, વિવિધ મિલ્કતો ખાતે સિક્યુરિટી પૂરા પાડવાનું કામ

(૩) આઉટ સૌર્શિંગથી વાહનો પૂરા પાડવાનું કામ

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૪

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

.....

કામ નં.૩- તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ પાણી પૂરવઠા વિભાગ તથા સિનીટેશન વિભાગને લગતા હેતુ માટે વાપી મહાનગરપાલિકા હદમાં આવેલ સરકારી જમીનો ફાળવવા માટે મે.કલેક્ટરશ્રી વલસાડને કરેલ દરખાસ્તોને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૦૩ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ વાપી મહાનગરપાલિકા ધ્વારા નગરજનોના હિતમાં વિવિધ યોજનાકીય કામો માટે પાણી પુરવઠા અને સેનિટેશન વિભાગને જરૂરી જમીનો ફાળવવા માટે કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટર, કલેકટર કચેરી, વલસાડને કામની અગત્યતાને ધ્યાને લઇ દરખાસ્ત કરેલ હતી. જે દરખાસ્તની વિગતો નીચે મુજબ છે.તથા સદર હું કામે પ્રીમીયમની રકમ ભરવાની થાય તો તે રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.તથા સદર જમીન માંગણીના હેતુમાં ફેરફાર કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

અ.નં	સરકારી જમીનની વિગતો	જમીન માંગણી અંગે કરેલ દરખાસ્તનો પત્ર નંબર તથા તારીખ	જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.)	જમીન માંગણીનો હેતુ
૧	મોજે-કરવડ રી.સ.નં.૧૪૪૯ (જુના સ.નં.૯૦૨૧)	જા.નં.ટી.પી./૨જી.૧/વશી.૪૪૭/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫	૧૦૦૦.૦૦	પાણી પુરવઠાના હેતુસર
૨	મોજે-વટાર રી.સ.નં.૧૪૧૦ (જુના સ.નં.૯૦૨૧)	જા.નં.ટી.પી./૨જી.૧/વશી.૪૪૯/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫	૧૦૦૦.૦૦	પાણી પુરવઠાના હેતુસર
૩	મોજે-કરવડ સી.સ.નં.૮૫૫ (જુના સ.નં.૫૯૧)	જા.નં.ટી.પી./૨જી.૧/વશી.૪૪૮/૨૦૨૫-૨૬, તા.૦૬-૧૨-૨૦૨૫	૧૦૦૦.૦૦	પાણી પુરવઠાના હેતુસર
૪	મોજે-કરવડ રી.સ.નં.૧૦૭૦ (જુના સર્વે નં-૭૪૩)	VPMC/TP/e-file/5905/2026/0498/Town planning department dt-30/06/2026	૯૯૧૫.૦૦	ઘન કચરાનો વૈજ્ઞાનિક રીતે નિકાલ બાબત.
૫	મોજે-મોરાઈ રી.સ.નં.૧૫૩ (જુના સ.નં.૪૫)	VPMC/TP/e-file/5905/2026/0515/Town planning department dt-29/07/2026	૬૦૦૦.૦૦	સેનેટરી લેન્ડફિલ(SLF) (ઈનર્ટ કચરા તથા પ્રોસેસ રિજેક્ટ્સ)
૬	મોજે-કરવડ રી.સ.નં.૧૪૪૯ (જુના સ.નં.૯૦૨૧)	VPMC/TP/e-file/5905/2026/0535 /Town planning department dt-29/07/2026	૪૦૦૦.૦૦	C&D વેસ્ટ બાબત

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૫

કામ નં.૪- તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ નવા અંડરપાસથી કસ્ટમ ફન્ટીયર રોડને જોડતા ચલા ચોકી ફળિયાના રસ્તાને વાયડનીંગ કરવા માટે સંપાદન કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૦૪ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ મોજે.વાપીનાં પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતી એક કનેક્ટિવિટી ચોકી ફળિયાથી વલસાડ રોડને જોડતો અંડરપાસ છે.તેમજ વાપીનો હંગામી ફાટક બંધ થયા બાદ વાપીની જનતા ઈસ્ટ-વેસ્ટ અવરજવર માટે વધુમા વધુ ચોકી ફળિયાનાં નવા અંડરપાસનો ઉપયોગ કરતી હોવાથી નવા અંડરપાસથી કસ્ટમ ફન્ટિયરને જોડતા રોડ ઉપર દરરોજ ટ્રાફિકની સમસ્યા ઊભી થતી હોય છે.

હાલ ચલા થી ચોકી ફળિયા(અંડરબ્રિજ થી કસ્ટમ રોડને જોડતો રસ્તો) નો રસ્તો ૩.૫ થી ૫ મીટર જેટલી પહોળાઈનો ઉપલબ્ધ છે.પરંતુ ઈસ્ટ-વેસ્ટ કનેક્ટિવિટી માટે સદરહુ રોડનો વધુ વપરાશ થતો હોવાથી ટ્રાફિકનું ભારણ ઓછું કરવા માટે ચોકી ફળિયાનાં રસ્તાની બંને બાજુ ઉપલબ્ધ જગ્યા મુજબ સંપાદન કરી ૧૨ મીટરની પહોળાઈનો રસ્તો કરવા તથા કબ્રસ્તાન રોડ તરફના રસ્તાને પણ ૧૨ થી ૧૫ મીટર કરવા સંપાદનની કાર્યવાહી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા સદર હું

FOR INFORMATION PURPOSE

કામગીરી માટે કરવામાં આવતા ખર્ચ તથા સંપાદનની રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે આ કામે જે જે સર્વે નંબરોની જમીન સંપાદન કરવાની થાય તે અંગે જરૂરી સર્વે કરી વિગતો મેળવી નિયમોનુસાર મેં.કલેકટરશ્રીને દરખાસ્ત કરવા માટે મેં.કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૬

કામ નં.૫- તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ ને.હા.નં.૪૮ થી વલસાડ રોડને જોતાં નવા અન્ડર બ્રીજને લાગુ સર્વિસ રોડ પહોળો કરવા માટે સંપાદનની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૦૫ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ મોજે.વાપીનાં પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડવા માટે નવો અંડરપાસ બનાવેલ છે. જે અંડરપાસને પૂર્વ તરફ નેશનલ હાઇવે ૪૮ ને જોડતા સર્વિસ રોડની પહોળાઈ ઓછી હોવાથી સર્વિસ રોડ ઉપર ટ્રાફિકનું દબાણ રહે છે.

જે અન્વયે જણાવવાનું કે, સદરહુ સર્વિસ રોડ ઉપર પૂરતી સલામતી અને અડચણ વગરનાં વાહનવ્યવહાર માટે સર્વિસ રોડની પહોળાઈમાં વધારો થવો જરૂરી છે. પરંતુ સર્વિસ રોડને લાગુ ખાનગી માલિકીની છે. તેથી સર્વિસ રોડને લાગુ ખાનગી માલિકોની જગ્યા માંથી ૨ મીટર જેટલી જગ્યા સર્વિસ રોડ માટે સંપાદન કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તથા સદર હું કામગીરી માટે કરવામાં આવતા ખર્ચ તથા સંપાદનની રકમ મહાનગરપાલિકા પાસે ઉપલબ્ધ ફંડમાંથી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે આ કામે જે જે સર્વે નંબરોની જમીન સંપાદન કરવાની થાય તે અંગે જરૂરી સર્વે કરી વિગતો મેળવી નિયમોનુસાર મેં.કલેકટરશ્રીને દરખાસ્ત કરવા માટે મેં.કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકાને અધિકૃત કરવાનું થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૭

કામ નં.૬- તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ વાપી મહાનગરપાલિકા હસ્તકની વર્ગ-૩ જગ્યાઓના ભરતી/ભઢતીના નિયમોને બહાલી આપવા આપવા બાબત

વાપી મહાનગરપાલિકાની તા.૧૩/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૦૯ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. KV-11 of 2025 -UDUHD/COC/e-file/18/2024/6141/P Section Dt.01-01-2025 થી નવરચિત વાપી મહાનગરપાલિકાની રચના કરવામાં આવેલ છે. જેમાં વાપી નગરપાલિકા ઉપરાંત આસપાસના કુલ-૧૨ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. જે ગામોમાં નામધા, ચંડોર, બલિઠા, છીરી, છરવાડા, સલવાવ, વટાર, કુંતા, તરકપારડી, મોરાઈ, ચણોદ, કરવડનો સમાવેશ થયેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. UDUHD/1191/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ થી નવરચિત મહાનગરપાલિકા હસ્તકની ધી ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ ૧૯૪૯ ની કલમ-૪૫ અને કલમ-૫૧(૪)ની જોગવાઈ હેઠળ વર્ગ-૧ અને વર્ગ-૨ ની વૈધાનિક જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે. તથા ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ હેઠળના પત્રથી વાપી મહાનગરપાલિકાની વર્ગ-૨ અને વર્ગ-૩ની જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં. UDUHD/1191/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ અને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ હેઠળના પત્રથી સરકારશ્રી ધ્વારા ઉભી કરવામાં આવેલ જગ્યાઓને વાપી મહાનગરપાલિકામાં અપનાવવા માટે સેટઅપ મુજબની જગ્યા મંજૂર કરવા માટે માન.વહીવટદારશ્રી દ્વારા ઠરાવ નં.૪૫૧, તા.૦૬.૧૦.૨૦૨૫ થી ઠરાવ કરવામાં આવેલ છે.

વધુમાં ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના પરીપત્ર નં.UDUHD/0406/01/2025, તા.૧૩/૦૧/૨૦૨૫ થી જણાવ્યાનુસાર મહાનગરપાલિકાઓ હસ્તકની વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ સીધી ભરતી GPSC મારફત કરવા જણાવેલ છે.વધુમાં વર્ગ-૩ની જગ્યાઓ જે તે મહાનગરપાલિકાને ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ થી આપેલ શરતો તથા સરકારશ્રીના વખતોવખત ના નિયમો ને આધીન મહાનગરપાલિકાએ ભરવાની થાય છે. જેથી ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન નં.UDUHD/1189/06/2025, તા.૦૬/૦૭/૨૦૨૫ હેઠળથી મંજુર થયેલ વર્ગ-૩ સંવર્ગના ભરતી/બઢતીના નિયમો આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ મંજુર કરવાના થાય છે. જે સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે મંજુર કરી બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે. તથા આગળની ભરતી પ્રક્રિયા અંગેની સમગ્ર કાર્યવાહી કરવા તથા નિયમોમાં સુધારો/વધારો કરવાની સત્તા મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને આપવાનું ઠરાવવામાં આવે છે.

Cadre Code	જગ્યાનું નામ	Name of Post	RR Annexure
C01	પ્લાનિંગ આસીસ્ટન્ટ	Planning Assistant	Annexure-C01
C02	ઓફિસ સુપ્રિટેન્ડન્ટ	Office Superintendent	Annexure-C02
C03	વિજીલન્સ અધિકારી	Vigilance Officer	Annexure-C03
C04	આસિસ્ટન્ટ લેબર અધિકારી	Assistant Labour Officer	Annexure-C04
C05	ઈ.ડી.પી. મેનેજર	Electronic Data Processing Manger	Annexure-C05
C06	હાર્ડવેર એન્જીનિયર	Hardware Engineer	Annexure-C06
C07	અધિક મદદનીશ ઈજનેર (સિવિલ)	Additional Assistant Engineer(Civil)	Annexure-C07
C08	અધિક મદદનીશ ઈજનેર(મીકેનિકલ)	Additional Assistant Engineer(Mechanical)	Annexure-C08
C09	અધિક મદદનીશ ઈજનેર(ઈલેકટ્રીકલ)	Additional Assistant Engineer(Electrical)	Annexure-C09
C10	ટ્રાન્સપોર્ટ મેનેજર	Transport Manger	Annexure-C10
C11	એસ્ટેટ અધિકારી	Estate Officer	Annexure-C11
C12	સેનેટરી ઇન્સપેકટર	Sanitary Inspector	Annexure-C12
C13	આસિસ્ટન્ટ લીગલ ઓફિસર	Assistant Legal Officer	Annexure-C13
C14	બાગાયત સુપરવાઇઝર	Horticulture Supervisor	Annexure-C14
C15	સબ ફાયર ઓફિસર	Sub Fire Officer	Annexure-C15
C16	ટેક્ષ ઇન્સપેકટર	Tax Inspector	Annexure-C16
C17	ડેપ્યુટી એકાઉન્ટન્ટ/ડેપ્યુટી ઓડિટર	Deputy Account/Deputy Auditor	Annexure-C17
C18	ફૂડ સેફટી ઓફિસર	Food Safety Officer	Annexure-C18

FOR INFORMATION PURPOSE

C19	લાઈબ્રેરીયન	Librarian	Annexure-C19
C20	ટેકનીકલ સુપરવાઇઝર(પર્યાવરણ)	Technical Supervisor (Environment)	Annexure-C20
C21	હેડ કલાર્ક	Head Clerk	Annexure-C21
C22	આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ/આસિસ્ટન્ટ ઓડિટર	Assistant Accountant/Assistant Auditor	Annexure-C22
C23	વર્ક આસિસ્ટન્ટ	Work Assistant	Annexure-C23
C24	ફુડ સેફટી ઇન્સપેકટર	Food Safety Inspector	Annexure-C24
C25	સબ સેનેટરી ઇન્સપેકટર	Sub Sanitary Inspector	Annexure-C25
C26	સર્વેયર	Surveyor	Annexure-C26
C27	સબ રજીસ્ટ્રાર	Sub Registrar	Annexure-C27
C28	સીનીયર કલાર્ક	Senior Clerk	Annexure-C28
C29	મદદનીશ લાઇબ્રેરીયન	Assistant Librarian	Annexure-C29
C30	લાઈવસ્ટોક ઇન્સપેકટર	Livestock Inspector	Annexure-C30
C31	અંગત મદદનીશ	Personal Assistant	Annexure-C31
C32	ફિલ્ડ સુપરવાઇઝર	Field Supervisor	Annexure-C32
C33	કલાર્ક	Clerk	Annexure-C33
C34	લીડીંગ ફાયરમેન/જમાદાર	Leading Fireman/Jamadar	Annexure-C34
C35	મલ્ટી પર્પસ હેલ્થ સુપરવાઇઝર	Multi Purpose Health Supervisor	Annexure-C35
C36	લેબોરેટરી ટેકનીશયન	Laboratory Technician	Annexure-C36
C37	ફાર્માસીસ્ટ	Pharmacist	Annexure-C37
C38	સ્ટાફ નર્સ	Staff Nurse	Annexure-C38
C39	ફીમેલ હેલ્થ સુપરવાઇઝર	Female Health Supervisor	Annexure-C39
C40	ફીમેલ હેલ્થ વર્કર	Female Health Worker	Annexure-C40
C41	મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર	Multi Purpose Health Worker	Annexure-C41
C42	ડ્રેસર/કેસ રાઈટર	Dresser/Case Writer	Annexure-C42
C43	ડ્રાયવર	Driver	Annexure-C43
C44	ડ્રાયવર (ફાયર)	Driver(Fire)	Annexure-C44

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

.....

કામ નં.૭- તા. ૨૧/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિની ભલામણ મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ અંતર્ગત AHP(green field) પ્રોજેકટનાં DRP ને બહાલી આપવા બાબત.

વાપી મહાનગરપાલિકાની તા.૨૧/૦૮/૨૦૨૬ ની સ્થાયી સમિતિનો ઠરાવ નં.૧૧૨ આજની સભામાં બહાલી અર્થે રજુ કરવામાં આવ્યું જેમાં દર્શાવ્યા મુજબ પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ અંતર્ગત શહેરી વિસ્તારના ગરીબ લોકોને એફોર્ડેબલ કિંમતમાં પોતાના સપનાનું ઘર મળી રહે તે હેતુથી AHP((green field) પ્રોજેક્ટ હેઠળ મોજે બલીઠા વાપી ખાતે સર્વે નંબર 704 જેનું ક્ષેત્રફળ 3565 ચો.મી વાળી જગ્યા ઉપર EWS-1 ટાઇપનાં કુલ 144 Du's આવાસો અને 10 દુકાનો બનાવવાનું વાપી મહાનગરપાલિકા દ્વારા આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં "સૌને પોતાના સપનાનું ઘર મળી રહે તેવા ઉમદા હેતુ થી આપણા દેશનાં માન.પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબશ્રી દ્વારા તા.૧૭-૦૯-૨૦૨૪ ના રોજ પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ લોન્ચ કરવામાં આવી. આ યોજના અંતર્ગત કુલ ચાર ઘટકો છે. જેમાં (1) BLC(Beneficiary Led Construction) ઘટક અંતર્ગત લાભાર્થીને પાકું ઘર બનાવવા માટે સરકારશ્રી દ્વારા ૪ લાખની સહાય મળે છે. ત્યાર બાદ (2)AHP(Affordable Housing in Partnership)ઘટક અંતર્ગત શહેરી ગરીબોને આર્થિક રીતે પરવડી શકે તેવા આવાસો બનાવીને કોમ્પ્યુટર રાઈઝ ડ્રો કરીને ફાળવામાં આવે છે. ત્યાર બાદ (3) ARH(Affordable Rental Housing) ઘટક હેઠળ જુના ખાલી પડેલ આવાસોને નવનિર્માણ કરી ભાડાપેટે આપવામાં આવે છે, ત્યાર બાદ (4)ISS(Interest Subsidy Scheme) ઘટક અંતર્ગત લાભાર્થીએ લોન પર પોતે ખરીદેલા ઘર પર સરકારશ્રી દ્વારા મહત્તમ ૧.૮૦ લાખ સુધીની સબસીડી આપવામાં આવે છે.

વધુમાં, વાપી મહાનગરપાલિકાના એફોર્ડેબલ હાઉસિંગ વિભાગ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦ અંતર્ગત AHP-(Green field)ઘટક દ્વારા આગામી સમયમાં વાપીનાં નગરજનોને આર્થિક રીતે પરવડી શકે તેવા આવાસોનું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે, આ AHP-(Green field)ઘટક વિશે ટૂંકી માહિતીમાં જણાવીએ તો આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીનું ભારત ભરમાં કશે પાકું મકાન ધરાવતા ન હોય તથા લાભાર્થીની વાર્ષિક આવક રૂ.૩ લાખ થી ઓછી હોય તથા લાભાર્થી પરણીત હોય તેવા લાભાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે છે.

વધુમાં ઉપરોકત પ્રોજેક્ટનું આયોજન મોજે બલીઠા વાપી ખાતે EWS-1 ટાઇપના આવાસ બનાવામાં આવશે. જેનો કાર્પેટ એરિયા 35 ચો.મી(1 BHK) હશે તથા આવાસની મહત્તમ કિંમત રૂ.૭ લાખ હશે. જેનો સીધો લાભ શહેરનાં આર્થિક રીતે મધ્યમ તથા ગરીબ લોકોને મળશે વધુમાં આ યોજનાના લાભથી લાભાર્થીના જીવનશૈલીમાં ઘણો સુધારો આવશે. તથા આ ઉપરોક્ત આવાસનો લાભ લેવા માટે લાભાર્થી દ્વારા અરજી સાથે ડીપોઝીટ પેટે રૂ.૭,૫૦૦ નો DD (Demand Draft) Axis Bank, Chala Vapi ખાતે જમા કરાવવાના રહેશે.સદરહુ AHP((green field) પ્રોજેક્ટ અગત્યનો હોવાથી આજની સભામાં મંજૂરી અર્થે રજુ કરવામાં આવેલ સ્થાયી સમિતિની ભલામણને સર્વાનુમતે બહાલી આપવાનું ઠરાવવામાં આવે છે.

Sr.	Location Of Project	Survey No	Total Area Of Land	Total DU's	Central Share	State Share	ULB Share (In lakh)	Beneficiary share (In lakh)	Total Project Cost(In lakh)	Remarks
1	Balitha,Vapi	704	3565 Sq.Mt	144 DU's 10 Shop	216.00	288.00	387.57	1008.00	1899.57	જમીન હાલે Mexus Corporation Private Limited ચાલી આવેલ છે જે વાપી મહાનગરપાલિકાના નામે સુપ્રત થયેથી આ પ્રોજેક્ટ અમલમા આવશે.

સર્વાનુમતે મંજુર, ઠરાવ નં.૧૯

FOR INFORMATION PURPOSE

વાપી મહાનગરપાલિકાની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

તા.૩૧/૦૮/૨૦૨૬

- વધુમાં વિરોધ પક્ષના નેતાશ્રી દ્વારા સભાનું ધ્યાન દોરવામાં આવ્યું કે, કેટલાક સફાઈ કામદારો નિયત વિસ્તારમાં સફાઈ કામગીરી પૂર્ણ કર્યા બાદ સ્થાનિક રહીશો પાસેથી કામ કર્યા બદલ નાણાં કે અન્ય સ્વરૂપે ગેરવાજબી/ખોટી માંગણીઓ કરે છે. આ અંગે સંબંધિત કોન્ટ્રાક્ટરને તાત્કાલિક સત્તાવાર જાણ કરવામાં આવે અને જો તપાસ દરમિયાન આ બાબત સાચી પુરવાર થાય, તો જવાબદારો સામે કડક કાયદાકીય કે શિસ્તભંગની આગળની કાર્યવાહી કરવામાં આવે. જે બાબતે ડે. મેયરશ્રી દ્વારા ખાતરી આપવામાં આવી કે, આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવશે. તમામ સંબંધિત કોન્ટ્રાક્ટરોને આ અંગે ત્વરિત કડક સૂચના અને જાણ કરવામાં આવશે તેમજ સમગ્ર ઘટનાની સત્યતા ચકાસવા માટે તટસ્થ તપાસ કરવામાં આવશે. જો તપાસમાં આક્ષેપો સાચા જણાશે, તો નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- સભ્યશ્રી ખંડુભાઈ દ્વારા રજુઆત કરવામાં આવી કે તહેવારના દિવસોમાં જ પાણી પુરવઠો બંધ થઈ જાય છે. જે બાબતે ડે. મેયરશ્રી એ જણાવ્યું કે પાણીની લાઈનનું લીકેજ કોઈ તહેવાર જોઈને થતું ન હોઈ જેથી તહેવાર નિમિતે પાણી બંધ કરવાનો કોઈ હેતું રહેલ નથી. છતાં પણ આવા સમયે ઝડપથી તેને રિપેર થાય તેવા પગલાં લેવામાં આવશે. તથા વાપી ઝંડા ચોક ખાતે ઐતિહાસિક સ્મારક રિપેર કરવા રજુઆત કરેલ જે બાબતે જણાવ્યું કે હાલે બ્રિજની કામગીરી ચાલુ હોય તે થઈ શકે તેમ નથી. બ્રિજનું કામ પુર્ણ થયેથી એ ધ્યાને લેવામાં આવશે.
- સભ્યશ્રી દિનેશભાઈ દ્વારા આઝાદનગરની પાણીની ટાંકી સત્વરે ચાલુ કરવા માટે રજુઆત કરવામાં આવી. જે બાબતે ડે. મેયરશ્રી દ્વારા સદરહુ પ્રશ્નનો ઝડપથી નિકાલ કરવા માટેની ખાતરી આપવામાં આવી.

ઉપરોક્ત મુદ્દાઓ સિવાય અન્ય કોઈ મુદ્દાની ચર્ચા વિચારણા કરવાની રહેતી ન હોય સભામાં હાજર રહેલ તમામ સભ્યોનો આભાર માની આજની સભાનો અંત રાષ્ટ્રગાન "જન ગણ મન" નું ગાન કરી સમાપ્ત જાહેર કરવામાં આવેલ છે.

-સહી-
(દક્ષાબેન રાજેશભાઈ પટેલ)
આજની સભાના અધ્યક્ષ અને મેયર
વાપી મહાનગરપાલિકા

FOR INFORMATION PURPOSE